## ચાલો, શહેરમાં ઝુડાયેલી કેરીઓ આવી ગઈ છે



ઉનાળાના આકરો તાપ સહન કરવો મુશ્કેલ હોય છે, પરંતુ સૌને પ્રિય એવી કેરીની મજા પણ આ જ ઉનાળાની સિઝનમાં માણવા મળે છે. ત્યારે હાલ સુરતના ફ્રૂટ માર્કેટોમાં આંબાના ઝાડ પરથી પવનથી ઝુંડાયેલી કેરીઓ આવવા લાગી છે. જો કે ફૂલ સિઝન આવતા જ વિવિધ પ્રકારની કેરીઓ પણ આવી પહોંચશે. (તસવીરઃ સતીષ જાદવ)

દારૂની હેરાફેરી માટે અવનવા કીમિયા અજમાવતા બુટલેગરો

# હજીરા રો-રો ફેરીમાં કાર મારફતે લઈ જવાતો દારૂ ઝડપાયો

**સુરતથી** ભાવનગરમાં દારૂ ઘુસાડવાનો કીમિયો નિષ્ફળ, ૧.૩૦ લાખના દારૂ સાથે બુટલેગર ઝડપાયો

સુરત : રો રો ફેરીમાં કારની આડમાં ભાવનગર ખાતે લઈ જઈ રહેલા ઈસમને હજીરા પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે કારમાંથી ૧.૩૦ લાખનો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી ૪.૩૬ લાખની મત્તા કબજે કરી હતી.

હજીરા પોલીસની એક ટીમને બાતમી મળી હતી કે સુરત તરફ આવતી એક હ્યુન્ડાઈ કંપનીની i 10 કારમાં દારૂ ભરી લેવાઈ રહ્યો છે. આ કાર હજીરા રો રો ફેરીમાં મૂકી ભાવનગર દારૂનો જથ્થો લઇ જવાના છે. પોલીસે રો રો ફેરીના પાર્કિંગમાં વોચ ગોઠવી હતી. બાતમીવાળી ગાડી આવતા પોલીસે તેને કોર્ડીન કરી અટકાવી લીધી હતી. પોલીસે ગાડીમાં વધુ તપાસ કરતા 1.30 લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બટુકભાઈ નાનજીભાઈ સાંખટ (રહે. ઉ.૩૭,રહે. મહાદેવ પરા ગામ શિવ મંદિરની બાજુમાં જિલ્લો ભાવનગર)ને ઝડપી પાડી૧.૩૦ લાખનો વિદેશી દારૂ, એક ફોર વ્હીલ ગાડી, ૧ મોબાઈલ અને આધારકાર્ડ મળી કુલ્લે ૪.૩૬ લાખની મત્તા કબ્જે લીધી છે.

NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447

કોણ છે સાલિયાનું 'લાઈઝનિંગ' કરાવનાર?

# IPL સટ્ટો: મોટા નેતા બાદ કોર્પોરેટરે પુત્ર મોહમાં પોલીસની મંજૂરી અપાવ્યાની ચર્ચા

**વિદેશમાં** રોકાણ, કરોડોની હેરાફેરી અને પોલીસના 'કેશિયર'નું કૌભાંડ!

IPL સટ્ટા ખેલાડીઓ પોલીસના મજબૂત 'રક્ષાકવચ' હેઠળ બેફામ કૌભાંડ ચલાવી રહ્યા છે!

**ગુજરાતમિત્ર** પાસે કેટલાક સટ્ટાખોરોની 'માસ્ટર ID' આવી ગઈ છે, તો પોલીસ હજી સુધી નિષ્ક્રિય કેમ?

સુરતઃ IPL શરુ થતા જ IPL સટ્ટાબજારના માફિયા શહેર પર હાવી થઈ ગયા છે. સેન્ટ્રલ ઝોનના એક કોર્પોરેટરે પોતાના પુત્રના મોહમાં ડીસીબી ક્રાઈમ બ્રાંચના ઉચ્ચ અધિકારી સાથે સાંઠગાંઠ કરીને સાલિયાને 'લાઈઝનિંગ' કરાવી આપ્યું! આ સિવાય, ભાજપના એક મોટા નેતાએ પણ પોતાના પુત્ર માટે પોલીસ પર પ્રેશર આપી ગજ્જુ અને મનોજને બચાવવાનો પ્રયાસ કર્યો હતો!

સેન્ટ્રલ ઝોનના એક કોર્પોરેટરે પોતાના પુત્રના મોહમાં DCB ક્રાઈમ બ્રાંચના ઉચ્ચ અધિકારી પર દબાણ લાવીને સાલ્યાને સટ્ટા બજારમાં પ્રવૃત્ત થવા માટે લીગલ કવર આપવામાં મદદ કરી હતી. IPL ની મેચો પર ભારે પ્રમાણમાં સટ્ટા રમાડવાની છૂટક સગવડ સાલ્યાને આપી દેતા હવે સાલ્યો સુરતમાં સટ્ટાબજારનો ગોડફાદર બની ગયો છે.

આ મામલામાં માત્ર એક કોર્પોરેટર જ નહીં, પણ ભાજપના એક મોટા નેતાએ પણ અગાઉ પોતાના પુત્રના પ્રેમમાં આવીને ક્રાઈમ બ્રાંચ પર પ્રેશર લાવ્યું હતું. ગજ્જુ અને મનોજની અટકાયત અને તેમની વિરુદ્ધ તપાસ પર સીધું દબાણ લાવીને મામલો ઠંડો પાડી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પોલીસ રાજકારણીઓની શેહશરમમાં લોકોના ખાખીના વિશ્વાસના રંગ ઉપર ધબ્બો લગાડવા તૈયાર થઈને શા માટે સટ્ટાખોરો સામે કાર્યવાહી કરવા પાછાપાની કરે છે તે હાલમાં તો મોટી આશ્ચર્યની વાત છે. હવે આ મામલે પોલીસ પર મીટ છે.

## આઈપીએલ પર સટ્ટો ખેલતા બુકીઓને જેલભેગા કરવા પો.કમિ. ગેહલોતનો ક્રાઈમ બ્રાંચને આદેશ



'ગુજરાતમિત્ર'માં પ્રસિદ્ધ થયેલા આઈપીએલના સટ્ટાકાંડના અહેવાલોને પગલે પો.કમિ. અનુપમસિંહ ગેહલોતે આ સમગ્ર પ્રકરણમાં તપાસ કરવા માટે ક્રાઈમ બ્રાંચને આદેશ કર્યો છે. પો.કમિ. ગેહલોતે જણાવ્યું હતું કે, આઇપીએલમાં સટ્ટો રમતા બુકીઓ સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે અને તેઓને જેલમાં ધકેલવામાં આવશે.

### માસ્ટર આઈડી ધારકો પોલીસ નજરથી દૂર તે પણ શંકાસ્પદ વાત

IPL સટ્ટાની 'માસ્ટર ID' અને મોટી કમિશન ગેમ શહેરમાં ચાલે છે. માસ્ટર ID ધારકો દર અઠવાડિયે લાખો રૂપિયા કમાવી રહ્યા છે. ID આપનાર ગ્રુપો 3% થી 5% કમિશન વસૂલી રહ્યા છે. IPL હારનારા બળજબરીથી જમીન કે મિલકત લખાવી દેવા મજબૂર થાય છે! ગુજરાતમિત્ર સુધી જો આ આઈડી આવી શકતી હોય તો પોલીસ પાસે કેમ આવી નથી. પોલીસ ઇરાદાપૂર્વક કોઈ કામ નથી કરતી? તેવા અનેક સવાલ છે.

### IPL સટ્ટા રમાડતી IDની યાદી: આ ID મારફતે કરોડોનો સટ્ટો IPL મેચો પર રમાડાયો

- Dimond 777
- Good Luck
- Lotus
- All penal

### ક્રાઈમ બ્રાંચનો 'કેશિયર' અને પોલીસમાં આંતરિક ગોટાળો!

ક્રાઈમ બ્રાંચમાં એક અધિકારીનો વૃશ્ચિક રાશિનો કેશિયર બધી ગેમ રમે છે! આ કેશિયરે સાલિયાને 'મંજુરી' આપી હતી, પણ સાહેબની જાણ બહાર ગજ્જુ અને મનોજને પણ છૂટ આપી દીધી હોવાની વાત છે. આ કેશિયર તેના સાહેબોની આંખમાં ધૂળ નાખી રહ્યો છે.

### ચોટલી હાથમાં આવે તો સાલિયાની ચોટલી પકડાઈ જશે

જો પોલીસ સાલિયાના ખાસ માણસ 'ચોટલી' સુધી પહોંચે, તો IPL સટ્ટાના કૌભાંડની પરત દર પરત રહસ્ય ખુલી શકે છે. 'ચોટલી' પાસે જ બધી મહત્ત્વની જાણકારી પોલીસને મળી શકે છે. સટ્ટા દ્વારા પચાવાયેલા મકાન, ફ્લેટ, મિલકતો, વિદેશમાં રોકાયેલા IPL સટ્ટાના કરોડો રૂપિયા અને કેટલા બંગલોઝ ખરીદાયા અને કોણ છે માલિક?

# કુખ્યાત બુટલેગર ફિરોઝ ફ્રૂટવાલાનું ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

**ફિરોજ** ફ્રૂટ વિરુદ્ધ 49 ગુના, 12 વખત પાસા કાર્યવાહી કરવામાં આવી

**ફિરોજ** ફ્રૂટના રહેણાકના સબારી એપાર્ટમેન્ટનો નીચેનો કેટલોક ભાગ તોડવામાં આવ્યો

સુરત : થોડા દિવસો પહેલા સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા રાજ્યના 15 બુટલેગરોની યાદી જાહેર કરવામાં આવી હતી, જેમાં સુરતના ત્રણ બૂટલેગરોના નામ પણ સામેલ હતા. આમાં એક ફિરોઝ ઉર્ફે ફિરોઝ ફ્રુટ સૈયદ (ફ્રુટવાલા) નું નામ પણ સામેલ હતું. જેના ગેરકાયદે બાંધકામ પર ક્રાઈમ બ્રાંચ અને મહાનગરપાલિકાએ ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરી હતી.

SMC દ્વારા 15 બુટલેગરોની યાદી બહાર પાડવામાં આવી હતી, જેમાં સુરતના ત્રણ બુટલેગરોના નામ હતા. સુરતના નામચીન બુટલેગરમાંથી એક ફિરોઝ ઉપરાંત મુન્ના લંગડા અને સલીમ ફ્રૂટવાલાનું નામ પણ SMCએ પોતાની યાદીમાં સામેલ કર્યું હતું. શહેરમાં ગુનાખોરી પર કાબૂ મેળવવા માટે ક્રાઈમ બ્રાન્ચ અને મહાનગરપાલિકા સંયુક્ત રીતે સખત કાર્યવાહી કરી રહી છે. આ યાદીમાં સમાયેલા ફિરોઝ ફ્રુટવાલાનું નામ પણ હોવાથી આજરોજ કાર્યવાહી કરવામાં આવી હતી. ફિરોઝ ફ્રુટવાલા વિરુદ્ધ 49 ગુનાઓ નોંધાયેલા છે,

પોલીસે તેની વિરુદ્ધ 12 વખત પાસા પણ લાગુ કર્યો છે. સુરત મહાનગરપાલિકાએ તેનાં રહેણાંકની બિલ્ડીંગ સબારી એપાર્ટમેન્ટનો નીચેનો કેટલોક ભાગ હટાવી નાખ્યો છે. કાર્યવાહી દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના DCP, PI સહિતની ટીમ હાજર રહી હતી.

# 'ગેરકાયદે બાંધકામ કરો છો, 50 હજાર નહીં આપો તો ટાંટિયાં તોડી નાંખીશું'

**ભરથાણાના** કારખાનેદારે કંપનીનું બાંધકામ શરૂ કરતા બે કથિત પત્રકારો દિલીપ પારગી અને કિશોર સુરવડેએ ધમકી આપી

સુરત : ભરથાણાનાં કારખાનેદારે કોમલ સર્કલ પાસે આવેલી કંપનીનું બાંધકામ શરૂ કર્યું હતું. બાંધકામ શરૂ કરતાં ત્યારે બે કથિત પત્રકારો બાંધકામ તોડાવી પાડવાનું કહી અને ટાંટીયા તોડી જાનથી મારી નાખવાની ધમકી આપી ૫૦ હજાર ખંડણી માંગી હતી. આ મામલે ખટોદરા પોલીસે બે કથિત પત્રકારો વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ ભરથાણા લક્ષ્મી પાર્ક સોસાયટીમા રહેતા ૪૨ વર્ષીય સુનિલભાઈ મહેશચંદ્ર કોમલ સર્કલ પાસે આવેલી મહાલક્ષ્મી ઈન્ડસ્ટ્રીમાં સૂર્યદર્શન સિન્થેટિક્સ નામથી કંપની ચલાવે છે. સુનિલભાઈએ જાન્યુઆરી 2025માં તેમની કંપનીનું બીજા માળનું બાંધકામ શરૂ કર્યું હતું. બાંધકામ ચાલી રહ્યું હતું જે દરમિયાન સુનિલભાઈ હાજર હતા ત્યારે ત્યાં દિલીપ પારગી અને કિશોર સુરવડે નામના બે કથિત પત્રકાર આવ્યા અને તેમની બાંધકામ સાઈડના ફોટા પાડવા લાગ્યા હતા. સુનિલભાઈએ તેમને કેમ આમ કરો છો તેમ પૂછતા બંનેએ તમે ગેરકાયદે બાંધકામ કરો છો, આ બાંધકામ વિરૂદ્ધ અમે સુરત મનપા અને કલેક્ટર કચેરી સ્વાગત ફરિયાદ નિવારણમાં અરજીઓ કરી તમારું બાંધકામ તોડાવી પાડીશું. જો બાંધકામ નહીં તોડાવવું હોય તો ૫૦ હજાર આપવા પડશે કહેતા સુનિલભાઈએ પૈસા આપવાની ના પાડતા બંને જણા મિલકતના ફોટા પાડવા લાગ્યા હતા. સુનિલભાઈએ બંનેને ફોટા પાડવા રોકતા આઘો જા નહિતર ટાંટીયા તોડી જાનથી મારી નાખીશું કહી ધમકાવ્યા હતા અને ત્યાંથી નીકળી ગયા હતા. જે બાદ બંને અવાર નવાર પૈસાની માંગણી કરી અલગ અલગ વિભાગમાં તેમના બાંધકામ વિરૂદ્ધ અરજીઓ કરી હેરાન પરેશાન કરતાં હતા. હેરાનગતિના કારણે કંટાળેલા પરેશભાઈએ આખરે ખટોદરા પોલીસ સ્ટેશનમાં બંને કથિત પત્રકારો વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. પોલીસે સુનિલની ફરિયાદના આધારે દિલીપ પારગી અને કિશોર સુરવડે વિરૂદ્ધ ખંડણી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કતારગામના હીરા વેપારી સાથે રૂ.30.૯૫ લાખની ઠગાઇ

**બે હીરા** દલાલ વેચાણ માટે લઈ ગયા બાદ પેમેન્ટ કે હીરા પરત ન કરતાં ફરિયાદ

સુરતઃ કતારગામ ગોટાલાવાડીના હીરા વેપારી પાસેથી હીરા દલાલો રૂ.૩૦.૯૫ લાખના હીરા વેચાણ કરવા માટે લીધા બાદ પેમેન્ટ કે હીરા પરત નહીં કરી છેતરપિંડી કરી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

કતારગામ પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના કતારગામ કંતારેશ્વર મંદિરની પાસે રણછોડજી પાર્ક સોસાયટી વિભાગ-૧માં રહેતા જનકભાઈ ગણેશભાઈ ગોટી કતારગામ ગોટાલાવાડી ખાતે આવેલા વ્યાસ કમ્પાઉન્ડ બંબાવાડીના ચોથા માળે હીરાનો વેપાર કરે છે. જનકભાઈ પાસેથી ૨૫ માર્ચના રોજ કતારગામ જી.આઈ.ડી.સી ચાર રસ્તા પાસે હીરા દલાલ વિશાલ ઘનશ્યામ ધામેલીયા (રહે., ગોલ્ડનીવેરા, નિલકઠ બિઝનેશ હબની પાછળ, કતારગામ) અને તેના ભાગીદાર વિજય જેરામ ધામેલીયા (રહે., શિવાન એવન્યુ, સિંગણપોર, ડભોલી)એ મુલાકાત કરી હતી અને રૂ.૩૦,૯૫,૬૩૩ના મત્તાના ૧૭૧.૭૨ કેરેટ વજનના અલગ અલગ ભાવના તૈયાર હીરાઓ જાંગડ ઉપર વેચાણ કરવા માટે લઈ ગયા હતા. આ બંને હીરા દલાલોએ હીરાઓ વેચાણ કર્યા ન હતા અને બારોબાર સગેવગે કરી હીરા કે તેનું પેમેન્ટ નહી આપી જનકભાઈ સાથે છેતરપિંડી કરી હતી. બનાવ સંદર્ભે કતારગામ પોલીસે વેપારીની ફરિયાદના આધારે બંને ઠગબાજ ભાગીદારો સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉછીના લીધેલા રૂપિયા સામે આપેલો ચેક રિટર્ન થતાં વેપારીને 6 માસની સજા

સુરતઃ અશ્વિનીકુમાર રોડ ખાતે રહેતા ફરિયાદી વિપુલ મનસુખભાઈ સવાણી વેપાર કરે છે. તેમજ આરોપી રાજેશભાઈ વાલજીભાઈ પટેલ વેપારી છે. ફરિયાદી અને આરોપી વચ્ચે ધંધાકીય મિત્રતા હતી. આરોપીને ધંધાના કામ માટે રૂપિયાની જરૂરત હતી. જેથી ફરિયાદીએ આરોપીને 9.50 લાખ રૂપિયા હાથ ઉછીના આપ્યા હતા. જે રૂપિયાની સામે આરોપીએ ચેક આપ્યો હતો. જેથી ફરિયાદીએ આ ચેક બેંકમાં જમા કરાવતા રિટર્ન થયો હતો. જેથી ફરિયાદીએ એડવોકેટ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા અને સંદીપ માંગુકિયા મારફતે કોર્ટમાં કેસ કર્યો હતો. જે કેસ કોર્ટમાં ચાલી ગયો હતો. કોર્ટે આરોપી રાજેશભાઈને તકસીરવાર ઠેરવી 6 મહિનાની સજા ફટકારી હતી. તેમજ 9.50 લાખ રૂપિયાના ચેકના 20% વધુ એટલે કે 11.40 લાખ રૂપિયા વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો હતો.

# દબાણો માટે કુખ્યાત અમરોલી માન સરોવર ચાર રસ્તા પાસેથી દબાણો હટાવાયાં

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા જે તે ઝોનમાં દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવે છે પરંતુ ફરીવાર દબાણ થઈ જતાં કાયમી દબાણની સમસ્યા હલ થઈ રહી નથી. કતારગામ વિસ્તારમાં માનસરોવર ચાર રસ્તા પાસે દબાણની સમસ્યા છે. જેને લઈ કતારગામ ઝોનની ટીમ દ્વારા આ વિસ્તારમાં દબાણ હટાવવામાં આવ્યા હતા. કતારગામ વિસ્તારમાં દબાણ દૂર કરવાના ઝુંબેશના ભાગરૂપે બુધવારે અમરોલી માનસરોવર ચાર રસ્તા પાસેથી 2 બંધ લારી, 40 ખુલ્લી લારી, 150 પાથરણાનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું. સાથે સાથે ટેમ્પરરી મંડપ અને સ્ટોલનું બાંધકામ દૂર કરી આશરે 550 ચો.મી એરીયામાંથી દબાણ તેમજ ટેમ્પરરી સ્ટ્રક્ચર હટાવવામાં આવ્યા હતા. આ વિસ્તાર કેટલા દિવસ ખુલ્લો રહેશે તે હવે જોવું રહ્યું.



# વરાછા પોલીસ સ્ટેશનના બાથરૂમમાં આપઘાત કરનાર પિતાનું ઓન કેમેરા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાયું

**ઉચ્ચ** અધિકારીઓની હાજરીમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાયું

**પોલીસે** સીસીટીવી અને ફોરેન્સિક પોસ્ટમોર્ટમનું રેકોર્ડિંગ પરિવારને બતાવ્યું

સુરતઃ વરાછા પોલીસ સ્ટેશનમાં ગત રોજ પોતાનો છોકરીની છેડતી કરનાર પિતાને લોકઅપમાં અટકાયતમાં રાખવામાં આવ્યો હતો. 46 વર્ષીય પિતાએ ગત ૨૫મીએ બપોરે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી હતી. આપઘાત કરનાર વિરુદ્ધ તેની 16 વર્ષીય પુત્રી પર દુષ્કર્મ આચરવા બદલ પોક્સો અને દુષ્કર્મની ફરિયાદ નોંધાઇ હતી. જેથી પોલીસમથકના બાથરૂમમાં આપઘાતના કરી લીધો હતો. બુધવારે સ્મીમેર હોસ્પિટલમાં એસીપી, ડેપ્યુટી કલેક્ટરની હાજરીમાં ઓન કેમેરા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યું હતું.

પોલીસ પાસે મળતી માહિતી પ્રમાણે વરાછાના માતાવાડી વિસ્તારમાં રહેતા 46 વર્ષીય ઈસમ વિરુદ્ધ તેની જ 16 વર્ષની પુત્રી પર છેલ્લા કેટલાક મહિનાઓથી અડપલાં અને દુષ્કર્મ કરતો હોવાથી ગુનો નોંધાયો હતો. આ ગુનામાં પોલીસ દ્વારા તેની અટકાયત કરવામાં આવી હતી. દુષ્કર્મના આરોપીની ધરપકડ સરકારી પંચોની હાજરીમાં જ કરવાનો નિયમ હોવાથી પોલીસે સરકારી પંચોને પોલીસમથકે તેડાવ્યા હતા. આરોપી પિતાની ધરપકડની પ્રોસિજર ચાલી રહી હતી. એ અરસામાં આ યુવક પોલીસ સ્ટેશનમાં આવેલા દરવાજા વિનાના ટોઇલેટમાં ગયા બાદ મોડે સુધી બહાર નહીં આવતાં પોલીસે તપાસ કરી હતી. પોલીસ તપાસ કરવા જતાં તે બારી સાથે રૂમાલનો ગાળિયો બનાવી શર્ટમાં ભેરવી ફાંસો ખાધેલી અવસ્થામાં મળી આવ્યો હતો. બાદ બુધવારે સ્મીમેર હોસ્પિટલમાં એસીપી, ડેપ્યુટી કલેક્ટરની હાજરીમાં ઓન કેમેરા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યું છે, જેમાં ઇજાનાં કોઈ નિશાન મળી આવ્યાં ન હતાં.

### બદનામીના ડરે કૃત્ય કર્યું હોઈ શકે

પરિવારના સભ્યોને ઉચ્ચ અધિકારીઓએ પોલીસ સ્ટેશમાં લાગેલાં સીસીટીવી ફૂટેજ બતાવ્યાં હતાં. ફૂટેજમાં સ્પષ્ટ દેખાતું હતું કે, આરોપી સાથે લોકઅપમાં બીજા બે આરોપી પણ હતા. વારંવાર તે લોકઅપમાં જઇ કશુંક અણછાજતું કરવાની કોશિશ કરતો દેખાઇ આવ્યો હતો. બદનામી અથવા અપરાધદોષથી તેણે આ કૃત્ય કર્યું હોઇ શકે. પોલીસે આવેલા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ બતાવ્યા હતા. જેનું પણ વિડીયો રેકોર્ડિંગ પરિવારને બતાવ્યું હતું. જેથી આ મામલે પરિવારે પોલીસ પર આક્ષેપો કરવાનું ટાળ્યું હતું.

### ભાઈ અને બહેન માટે હવે બે મોટી બહેનો જ આધાર

ત્રણ વર્ષ પહેલાં માતાનું નિધન અને હવે દીકરી પર જ દુષ્કર્મના આરોપી એવા પિતાએ પણ પોલીસ સ્ટેશનના બાથરૂમમાં જ આપઘાત કરી લેતાં ભાઈ અને બહેન માટે હવે બે મોટી બહેનો જ આધાર રહી છે. સ્મીમેર હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ બાદ પિતાની લાશ સ્વીકારવા માટે મોટી દીકરી અને સમાજના લોકો હાજર રહ્યા હતા.

# સ્વચ્છતા સર્વેક્ષણની ટીમ આવી રહી છે, સફાઈ ચાલુ કરી દો

**નંબર 1** વચ્ચે પણ ખુલ્લી ગટરોમાં પડી જવાથી મોત થાય છે તે વાત પણ એટલી જ સાચી છે

**ટીમ** આવી હોવાના ભણકારા વચ્ચે સુરત મનપાની ટીમ એલર્ટ મોડ પર આવી ગઈ




સુરતઃ સુરત શહેરનો ગત વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ ક્રમ આવ્યો હતો. જેથી હવે આ ક્રમ જાળવી રાખવા માટે સુરત મનપા દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. પરંતુ સિવિક સેન્સના અભાવને કારણે શહેરમાં હજી પણ ગંદકી દેખાઈ રહી છે. સ્વચ્છતા સર્વેક્ષણ 2025 માટે ટીમ ગમે ત્યારે આવે અને સરપ્રાઈઝ વિઝીટ કરે તેવી શક્યતા છે. ત્યારે બુધવારે શહેરમાં સ્વચ્છતા સર્વેક્ષણની ટીમ આવી હોવાના ભણકારા વચ્ચે સુરત મનપાની ટીમ એલર્ટ મોડ પર આવી ગઈ હતી. સ્વચ્છતા સર્વેક્ષણ 2024 અંતર્ગત સ્વચ્છતા અંગે સુરત મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવતી કામગીરીના નિરીક્ષણ માટે કેન્દ્રની ટીમ સુરતમાં આવી હોવાની માહિતી સાંપડી હતી. આ અઠવાડિયામાં ટીમ સુરત આવવાની હતી. મનપાને ટીમ આવી હોવાની માહિતી મળતાં એલર્ટ મોડ પર આવી ગઈ હતી. સ્વચ્છતા સર્વેક્ષણની ટીમ શહેરમાં આવી અલગ અલગ વિસ્તારોમાં સરપ્રાઈઝ વિઝીટ કરશે. ઉપરાંત નાગરિકોના ફિડબેક પણ લેશે. સ્વચ્છતા સર્વેક્ષણ માટે આવેલી ટીમ પાસે સુરતના 30 ઈલેકશન વોર્ડમાં 890 લોકેશન છે. કોઈપણ લોકેશન પર સરપ્રાઇઝ આવી નિરીક્ષણ કરશે. કોમર્શિયલ, રહેણાંક સાથે રોડ પર સફાઈ સહિતના મુદ્દે તળિયાઝાટક નિરીક્ષણ કરશે. ઉપરાંત વિવિધ કચરાના કલેકશન સેન્ટર પર વિઝિટ કરશે. આ વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરત, ઈન્દોર, મુંબઇ વચ્ચે રેન્કિંગને લઈ કોઈ સ્પર્ધા નથી. જો કે, ફિડબેકના માર્કસ મહત્વના રહેશે. હાલમાં સર્વેક્ષણ અંગે ઓનલાઈન ફિડબેકની પ્રક્રિયા ચાલુ છે. જેમાં સ્વચ્છતા અંગે પાલિકા દ્વારા કરાતી વિવિધ કામગીરી અંગે 10 સવાલોના જવાબ માંગવામાં આવી રહ્યા છે. જેથી વધુ ફોક્સ ફિડબેક પર પણ કરવામાં આવી રહ્યું છે.

# મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના નામે ભેસ્તાનના શિક્ષક પાસે ૨૦.૫૦ લાખ પડાવી લેવાયા

**બેંગકોક** માટે બુક થયેલા પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કહી મની લોન્ડરિંગ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી

સુરતઃ ભેસ્તાન વિસ્તારમાં રહેતા શિક્ષકને સાયબર માફિયાઓએ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખ આપી ડ્રગ્સ, મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ વાત કહી ડરાવી ધમકાવી ભેસ્તાનના શિક્ષક પાસેથી ।૨૦.૫૦ લાખ પડાવી લીધા હતા.

સાયબર ક્રાઈમ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના ભેસ્તાન લક્ષ્મી નારાયણ રેસિડેન્સી પાસે સિદ્ધિ વિનાયક રેસિડેન્સીમાં રહેતા શિક્ષક રામપ્યારે વિજયપ્રકાશ પાંડે ઉપર ગઇ તારીખ ૭માર્ચમા રોજ સાંજે અજાણ્યાએ વિડીયો કોલ કરી તેની ઓળખ બ્લુડાર્ટ કુરીયર કંપનીના અમીત કુમાર અને ક્રાઈમ બ્રાન્ચમાંથી ડી.સી.પી તરીકે આપી હતી. અને તેમને ૨૬ ફેબ્રુઆરી રોજ તમારા નામથી એક પાર્સલ મુંબઈથી બેંગકોક બુક થયું છે અને રીસીવરનું નામ ઝાંગલીન છે.

પાર્સલમાં પાંચ પાસપોર્ટ, ત્રણ એટીએમ કાર્ડ, લેપટોપ, ૪ કિલો કાપડ, ૧૪૦ ગ્રામ એમડી.આ ઉપરાંત તમારા આધારકાર્ડ નંબર ઉપર સિમકાર્ડ અને બેન્કમાં ખાતુ ઓપન થયું છે જેમાં મોટા પાયે નાણાકીય વ્યવહારો થયા છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાં મની લોન્ડરિંગનો ગુનો દાખલ થયો છે જેમાં તમારી સંડોવણી દેખાય છે. જો તપાસમાં સહકાર નહીં આપો તો ધરપકડ કરી જેલમાં નાંખવામાં આવશે. એટલું જ નહીં બીસીઆઈ અને સાયબર ક્રાઈમના અધિકારીઓની સહી સિક્કા કરેલ લેટરપેડ મોકલ્યો હતો.તેમજ રામપ્યારેને તમે નિર્દોષ હશે તો છોડી દઈશુ હોવાનું કહી અલગ અલગ બેન્ક ખાતામાંથી ફેડરલ બેન્કના ખાતામાં ૨૦,૫૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી પડાવી લીધા હતા.બનાવ અંગે શિક્ષકે સાયબર ક્રાઈમમાં ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## પાંડેસરાના મેડિકલ રિપ્રેઝન્ટેટિવ સાથે ૬૦ હજારની ઠગાઇ

સુરતઃશહેરના પાંડેસરામાં રહેતા મેડિકલ રિપ્રેઝન્ટેટિવના ક્રેડીટ કાર્ડમાંથી ૬૦ હજાર ઉપાડી લેનાર યુવક સામે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે, શહેરના પાંડેસરા ખાતે આવેલી શાંતિવન સોસાયટી રહેતા અને દવાની સપ્લાય કરતા સંકેત રમેશભાઈ શુકલાએ ગઇકાલે દિવ્યાંશુ સત્યધર વિશ્વકર્મા (ધંધો, ક્રેડિટ કાર્ડ બીલ-પે રહે,આશિષનગર પાંડેસરા) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં સંકેતભાઈએ જણાવ્યું હતું કે આરોપી દિવ્યાંશુએ ગઇ તારીખ ૧૦ જાન્યુઆરી પહેલા તેમના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૬૦ હજાર ઉપાડ્યા હતા અને આ પૈસા પરત આપ્યા ન હતા.સંકેતભાઈએ પૈસાની ઉઘરાણી કરતા દિવ્યાંશુએ ૩૦-૩૦ હજારના બે ચેકો આપ્યા હતા જે ચેક સંકેતભાઈએ તેમના બેંકના ખાતામાં જમા કરાવતા રિટર્ન થયા હતા.બનાવ સંદર્ભે પાંડેસરા પોલીસે સાંકેતભાઈની ફરિયાદના આધારે દિવ્યાંશુ વિશ્વક્રમા સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.